# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-04-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-01 સિંધુ નદી કરાર -:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે પાકિસ્તાન સાથેની ૧૯૬૦ની સિંધુ જળ સંધિ પર ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક નવી દિલ્હીમાં ગૃહમંત્રીના નિવાસસ્થાને યોજાઈ હતી. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિને અટકાવી દીધી છે. આ બેઠકમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ હાજર રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-01 પાક નાગરિકો:

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા વિઝા રદ કર્યાના એક દિવસ પછી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે તમામ મુખ્યમંત્રીઓ સાથે વાત કરી અને તેમને તેમના રાજ્યોમાં રહેલા તમામ પાકિસ્તાની નાગરિકોની ઓળખ કરવા કહ્યું. સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રી શાહે મુખ્યમંત્રીઓને પાકિસ્તાની નાગરિકોને વહેલા પાછા ફરવા માટે પગલાં લેવા જણાવ્યું હતું.

દરમિયાન, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને આ મુદ્દા પર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો સાથે બેઠક યોજી હતી અને તેમને પાકિસ્તાની નાગરિકોને વિઝા સેવા સ્થગિત કરવાના આદેશનું કડક પાલન કરવા કહ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## વિપક્ષ નેતા-જમ્મુ કાશ્મીર મુલાકાત-:

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન વિરુદ્ધ કેન્દ્ર સરકારે જાહેર કરેલા પગલાંને પક્ષના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે.

ગઈકાલે વહેલી સવારે શ્રીનગરમાં, શ્રી ગાંધી જમ્મુ અને કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને મળ્યા હતા અને આતંકવાદી માળખાને તોડી પાડવામાં સરકારને શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી. તેઓ પહલગામ હુમલામાં ઘાયલ થયેલા લોકોને પણ મળ્યા અને તેમના ખબરઅંતર પૂછ્યા.

---

## વેવ્ઝ-ઓટીટી:

દૂરદર્શન અને આકાશવાણીના સમૃદ્ધ વારસાને ઉજાગર કરતાં પ્રસાર ભારતીના ઓટીટી પ્લેટફોર્મ વેવ્ઝને લોકોનો વ્યાપક આવકાર મળ્યો છે.

દૂરદર્શન અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા આકાશવાણી અમદાવાદના કાર્યાલય અધ્યક્ષ એન. એલ. ચૌહાણે જણાવ્યું કે, વેવ્ઝ- ફેમિલી એન્ટરટેઈનમેન્ટ કી નયી લહેર" ટેગલાઇન હેઠળ આ પ્લેટફોર્મ 20 લાખથી વધુ ડાઉનલોડ્સ અને ભારતમાં 40 લાખથી વધુ વપરાશકર્તાઓની મુલાકાત સાથે મનોરંજન ક્ષેત્રમાં અગ્રણી સ્રોત તરીકે ઉભરી રહ્યું છે. તેમણે કહ્યું કે વેવ્ઝ પર ઉપલબ્ધ ઇન્ફોટેઇનમેન્ટ 10 શૈલીઓમાં રજૂ કરવામાં આવી છે, જેમાં રામાયણ, મહાભારત, શક્તિમાન અને હમ લોગ જેવા જૂના ક્લાસિક શોનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું કે, આ પ્લેટફોર્મ પર એક હજાર 800 થી વધુ ફિલ્મ, ડોક્યુમેંટરી, સંગીત ઉપરાંત, ફ્રી-ટુ-પ્લે ગેમિંગ, રેડિયો, લાઇવ ટીવી, 65 લાઇવ ચેનલ્સ, વીડિયો અને ગેમિંગ તેમજ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી) પણ છે જે દ્વારા ઓનલાઇન શોપિંગ પણ કરી શકાશે.આ પ્લેટફોર્મ પર હિન્દી, ગુજરાતી સહિત 26 ભાષાઓમાં સામગ્રી જોઈ શકાય છે.

---

## કચ્છ-કેફી દ્રવ્ય:

જખૌ મરીન અને એસઆરડીના જવાનોને ગઈકાલે  દરિયાઈ પેટ્રોલિંગ દરમિયાન સૈયદ સુલેમાનપીર ટાપુ પરથી કેફી દ્રવ્યના 10 પેકેટ મળી આવ્યા હતા. પકડાયેલા આ કેફી દ્રવ્યનું કુલ વજન 1200 ગ્રામ દર્શાવવામાં આવ્યું હતું. પોલીસે તમામ પેકેટ કબજે કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ પેકેટ્સ પાકિસ્તાન તરફથી આવ્યા હોવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે દરીયાની ઓફ સિઝનમાં જુલાઈ માસથી કચ્છના અબડાસા અને માંડવીના દરિયાકાંઠે આવા પેકેટ મળતા હોય છે. જ્યારે આ વખતે ઉનાળામાં પેકેટ મળવાની ઘટના નોંધપાત્ર છે.

---

## કચ્છ-હાજીપીર મેળો:

કચ્છનાં રણની કાંધી એ આવેલ હાજીપીર વલીનાં સ્થાનકે આજથી ત્રિદિવસીય મેળાનો આરંભ થાય છે. મેળાનાં પ્રારંભ અગાઉ ઘણા દિવસોથી હજારોની સંખ્યામાં  ભાવિકો પગપાળા બાબાનાં સ્થાનકે પહોંચી રહ્યા છે. કાળઝાળ ગરમી અને  ધોમ ધખતા  તાપની પરવાહ કર્યા સિવાય ભાવિકો હાજીપીરની દરગાહ પર પહોંચી મસ્તક ઝુકાવી રહ્યા છે. જિલ્લાભરમાંથી પગપાળા જતા યાત્રિકોની સેવા માટે સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. ત્રણ દિવસ દરમ્યાન ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડશે. ભાવિકોની સુવિધા માટે એસ.ટી.એ વિશેષ બસો ચલાવવા વ્યવસ્થા કરી છે.

---

## કચ્છ-શીતળા માતાજીનો  મેળો:

આજે શીતળા તેરસનાં પર્વની ઉજવણી થઈ રહી છે. ભુજમાં મહાદેવ નાકા બહાર કલ્યાણેશ્વર મંદિરમાં આવેલા શીતળા માતાજીનાં સ્થાનક  નજીક મેળો ભરાશે. તેમાં  ખાસ કરી

ગ્રામીણ લોકો ભાગ લેશે.બંદરીય શહેર માંડવી નજીક શીતળા માતાના મંદિરે પણ મોટો મેળો ભરાશે.

---

## રાજ્ય -હવામાન:

રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ ગરમીમાં વધારો થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. જોકે, આ ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. બીજી તરફ, રાજ્યના કેટલાક ભાગ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની શક્યતા છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

---

## ક્રિકેટ-આઈ.પી.એલ:

આઈ.પી.એલ ટી-20 ક્રિકેટ -2025 સ્પર્ધામાં ગઈકાલે સનરાઈઝર્સ હૈદરાબાદ ઈલેવને ચેન્નઈ સુપરકિંગ્સ ઈલેવન સામે 5 વિકેટથી વિજય મેળવ્યો હતો. ચેન્નઈએ આપેલું 155 રનનું લક્ષ્યાંક હૈદરાબાદે 18.4 ઓવરમાં મેળવી લીધુ હતું. આજે કોલકતા ખાતે કોલકતા નાઈટ રાઈડર્સ ઈલેવન અને પંજાબ કિંગ્સ ઈલેવન વચ્ચે મેચ રમાશે.

---